
# શ્રી પદ્મ પ્રભ જૈન તીર્થ


## બેલા-રંગાપર



Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

શ્રી પદ્મ પ્રભ નમો નમ:



પદ્મ પ્રભ પ્રભો દેંહ
ભાસઃ પુષ્ણન્તુ વઃ શ્રિયમ
અન્તરંગારિ મથને,
કોપાટોપાદિવારુણા:

ક્રોડ ક્રોડ વંદના હમારી
અવધારો જિન દેવ
માગું નિરંતર આપના
ચરણ કમળના સેવ

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust



જેમનો પ્રબળ પૂણ્યયોગ આ ભવ્ય તિર્થ સ્થાપવામાં મંગલ
નિમિત્ત બન્યો છે તે બાલબ્રહ્મચારી બારવ્રતધારી શ્રાદ્ધવર્ય

**શેઠશ્રી નથુભાઈ હીરાણી શાહ, બેલા**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# શ્રી બેલાતીર્થ
# પ્રાચીન ભવ્યતાનો
# ઇતિહાસ

## ભાગ-પ્રથમ

卐

વર્ષગાંઠ-૧૧૭
સંવત-૨૦૪૫
પોષવદ-૭
તા. ૨૯-૧-૧૯૮૯

બેલા-રંગપર-આંદરણા
તપગચ્છ સંઘ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ॥ શ્રી પદ્મપ્રભ નમો નમઃ ॥

### શ્રી બેલા - રંગપર - આંદરણા તપગચ્છ સંઘનો ઇતિહાસ અને ઉજજવળ ગાથા.

—: 卐 :—

મહાભાગ્ય સાધર્મિક બંધુઓ,

આપણા સંઘનો ગૌરવપૂર્ણ ઇતિહાસ અને તેજસ્વી ગાથા રજુ કરતાં અનન્ય હર્ષની લાગણી અનુભવીએ છીએ.

આપણા સંઘનો ઇતિહાસ પ્રેરક છે, એની પરંપરા પ્રેરણાદાયી છે. આપણા સંઘને લગભગ સવાસો વર્ષ થવા આવ્યા છે. આપણાં પૂર્વજોના મુખે ૭૦ – ૮૦ વર્ષ પહેલાંના સમયની અને તેથીયે પૂર્વેની સાંભળેલી અને જાણેલી વાતોને આધારે સુવર્ણ ઇતિહાસ રજુ કરતાં આનંદ થાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# -: પૂણ્યાત્મા :-

શ્રાદ્ધવર્ય બાલ બ્રહ્મચારી, બારવ્રતધારી પૂજ્ય શ્રી નથુશા આજથી લગભગ સવાસો વર્ષ પૂર્વે એટલે કે સંવત ૧૯૨૧ માં બેલા ગામમાં શાહ કુટુમ્બ માં તેમનો જન્મ થયેલ તેમનું પુરુંનામ નથુભાઇ હીરાણી શાહ હતું પરંતુ તેઓ "નથુશા" ના ટૂંકા નામથી ઓળખાતા.

પૂજ્ય નથુશાની નિશ્રામાં રંગપર – બેલા – આંદરણા એ ત્રણે ગામના આપણા વડીલો ધર્મની આરાધના કરતાં નાના, મોટા ધાર્મિક તહેવારો અને પ્રસંગોના દિવસોમાં આપણા પૂર્વજો બેલામાં ભેગા મળતાં. પછી એ પવિત્ર પર્યૂષણના દિવસો હોય કે આયંબીલની ઓળીના દિવસો હોય, કાર્તકી પૂનમ હોય – જ્ઞાનપંચમી હોય – ગમે તેવા ધાર્મિક પ્રસંગે સૌ સાથે મળીને આરાધના અને આત્મહિત કરતાં.

ત્યારે બેલા ગામમાં માત્ર નાનોશો ઉપાશ્રય હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# દિવ્ય યોગાનુયોગ—શુભમિલન

સંવત ૧૯૨૭ માં બંગાળમાં કલકત્તા પાસે મુર્શીદાબાદમાં વસતા બાબુ શ્રી ધનપતસિંહજી ખાસ સંબંધ ના દાવે મોરબી તપગચ્છ સંઘના પ્રમુખ શ્રી સંઘવી સુંદરજી ઓધવજીને મળવા માટે આવેલાં. ત્યારે સંઘવી સુંદરજીભાઇએ બાબુ ધનપતસિંહજી ને વાત કરીકે, “અહીંથી સાતેક માઈલ દૂર બેલા (રંગપર) કરીને ગામ છે, ત્યાં બાલબ્રહ્મચારી બારવ્રતધારી “નથુશા” નામે શ્રાવક વસે છે તેઓ ઉચ્ચકોટિના આત્માર્થી મહાપુરૂષ છે તેમને મળવા જવું છે”

પછી બેલા આવવાના સમાચાર મોકલવામાં આવ્યા. એ જમાનામાં આજના જેવા મોટર જેવા આધુનિક વાહનો તો હતાં નહીં તેથી સીગરામમાં બેસી બીજે દિવસે બેલા આવવા રવાના થયા. આગલા દિવસે સમાચાર આવી ગયેલ હોવાથી, સવારમાં પૂજ્ય નથુશા સહિત આપણા વડીલો મહાનુભાવ મહેમાનોનું સ્વાગત કરવા એક માઈલ પગે ચાલીને સામે આવેલા.

પૂજ્ય નથુશા સાથે આપણા વડીલોને આવતાં જોઇ શ્રી સંઘવીએ સીગરામમાં જ શ્રી બાબુને “નથુશા” ને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઓળખાવ્યા પછી તો બધા જેવા નજીક આવ્યા કે તુરત જ શ્રી સંઘવી અને શ્રી બાબુ સિગરામમાંથી નીચે ઉતરી પૂ. નથુશાના ચરણોમાં વંદન કરવા નીચે નમી પડયા.

શ્રી બાબુએ તે પ્રસંગે સંઘવીને એમ પણ કહ્યું કે "તમે બેલા શા માટે સમાચાર મોકલ્યા ? અમારે તો આ મહાપુરુષને તેમની બેઠક ઉપર જ વંદન કરવા હતાં" ત્યાંથી બધા સાથે ચાલીને ગામમાં ઉતારે આવી બેઠા એક બીજાના કુશળ સમાચાર અને ખબર અંતર પૂછયા અને સામાન્ય વાતચીતો થઇ.

આપણા સંસ્કારી વડીલોની શિષ્ટ રીતભાતો જોઈને શ્રી બાબુ ખૂબ જ પ્રસન્ન અને પ્રભાવિત થયાં પછી તેમણે કહ્યું, "અમારે લાયક કંઈ કામકાજ હોય તો કહો" ?

ત્યારે આપણા વડીલોએ કહ્યું કે, બીજું તો કંઇ નહીં, પણ બેલા – રંગપર – આંદરણા એ અમારા ત્રણ ગામનો નાનોશો સંઘ છે અમે આ ત્રણે ગામના લોકો ધાર્મિક તહેવારોમાં સાથે મળીને આરાધના કરીએ છીએ પરંતુ "જીવને તારવાના અવલંબનરૂપ એક નાનું એવું જિનમંદિર હોય તો અમે ભાવપૂર્વક ધર્મની આરાધના કરી શકીએ. વળી આવું જિનમંદિર ભવિષ્યની પ્રજા માટે પણ તરવાના સાધનરૂપ થઈ શકે એ માટે બની શકે તો જિન મંદિરનું નિર્માણ કરવાની અભિલાષા છે."

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવા ધર્મ ભાવનાના વચનો સાંભળી પ્રોત્સાહન આપતાં બાબુએ પૂછ્યું કે "શ્રી દેરાસરજીના નિર્માણ માટે જગ્યાની વ્યવસ્થા ક્યાં કરશો ? એના જવાબમાં આપણા ગામના વડીલોએ કહ્યું કે "આ ગામ મોરબી સ્ટેટના ભાયાતોના ગિરાસદારોનું છે, તેમની પાસે જગ્યા માંગીશું તો જરૂર તેમનો સાથ સહકાર મળશે અને જમીન પણ મળશે"

ત્યારબાદ આપણા વડીલોએ દરબારો ને કહેવડાવ્યું કે "શેઠિયાઓ આવ્યા છે, આપને નજરાણું કરવા માંગે છે" નજરાણું એટલે તે જમાનામાં રાજા મહારાજાઓ કે દરબારોને મળવા જવું હોય તો ભેટ ધરવી પડે એટલે કે થાળીમાં રૂપિયા કે કોરી જેનું ચલણ ચાલતું હોય તે ભરીને ભેટ ધરવી પડે એ જમાનામાં કોરીનું ચલણ ચાલતું હતું તેથી કોરીની થાળી ભરીને દરબારોના ઉતારે ગયા અને ત્યાં આગળ તેમને તેની ભેટ ધરવામાં આવી.

આથી દરબારો ખૂબ ખુશ થયા. તેમણે આપણા વડીલોને પૂછ્યું "શેઠિયાઓ અમારા લાયક કામકાજ હોય તો જણાવો" એ જમાનામાં બેલાના દરબારો પાસે આપણા વડીલોનું માન પણ ઘણું હતું એટલે આપણા વડીલોએ કહ્યું, "બીજું તો કંઈ નહીં પણ અમારે ભગવાનની ભક્તિ કરવા માટે દેરાસર બંધાવવું છે તે માટે થોડીક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જગ્યા જોઇએ છે જો બનીશકે તો જમીન આપવા અમારી વિનંતિ છે. "

તુરત જ દરબારોએ કહ્યું "જયાં તમારે જગ્યા જોઇતી હોય ત્યાં આપીશું" આપણા વડીલોએ રામજી મંદિર અને શિવમંદિર વચ્ચે બજારના ચોકમાં જગ્યાની માગણી કરી. દરબારોએ એ જગ્યા આપણને આપી.

શ્રી બાબુ ધનપતસિંહજીએ તે વખતે શ્રી દેરાસરજીનું નિર્માણ કરવા માટે ઘણે ભાગે આઠસો કોરી આપેલ હતી

આ રીતે પૂ. "નથુશા" જેવા મહાન પૂણ્યવંત આત્માને મળવા માટે આવેલ બાબુ ધનપતસિંહજી ના મિલન દ્વારા આપણા વડીલોની દેરાસરજી નિર્માણ કરવાની ભાવના પુરી થઇ.

"ધન્ય ધન્ય એ મહા પૂણ્ય વાનોને,
શ્રી સંઘને પ્રભુ ભેટાળ્યા ।
જંગલમાં મંગલ કીધું,
અનેક ભવ્યો નો તરવાનું આલંબન દીધું"॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રભાવી પ્રતિષ્ઠા

આ રીતે પૂણ્ય યોગે શ્રી દેરાસરજીનું નિર્માણ કામ શુભ મુહુર્તમાં શરૂ થયું સં. ૧૯૨૮ના માગસર માસમાં શ્રી દેરાસરજીનું નિર્માણ કાર્ય પરિપૂર્ણ થવા આવેલ. સં. ૧૯૨૮ ના પોષ સુદ ૧૫ના તારક પરમાત્મા દેવાધિદેવ "શ્રી પદ્મપ્રભ સ્વામીની" બેલામાં ધામધૂમથી ઉમંગભેર પધરામણી કરવામાં આવી ઘણે ભાગે વઢવાણથી પ્રભુને આપણા વડવાઓએ બેલામાં પધરાવ્યા હતાં. પ્રાયે આ પ્રતિમા "સંપ્રતિ મહારાજા" ના ભરાવેલ હોય તેમ લાગે છે.

શ્રી જિન પડીમાં જિન સારીખી એ ન્યાયે સંવત ૧૯૨૮ના પોષ વદ ૭ના મહાન માંગલિક દિવસે ત્રણે ગામના ભાગ્યશાળીઓની હાજરીમાં તેમજ બહારગામના મહાનુભાવ મહેમાનોની ઉપસ્થિાતમાં "ત્રૈલોકનાથ શ્રી પદ્મપ્રભ સ્વામી" પ્રતિમાજીની આનંદ-ઉત્સવ અને પવિત્ર વાતાવરણમાં પ્રતિષ્ઠા થઇ. સૌ કોઈ આવી મહાન ઘડીએ ધન્ય ધન્ય થઈ ગયાં.

ત્યારથી આ ધર્મ સ્થાનમાં ઉત્તરોત્તર પવિત્ર અનુષ્ઠાનો વધવા લાગ્યા તેમજ મોટા મોટા આચાર્ય ભગવંતો જેવા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કે આચાર્ય ભગવંત કેસરસુરીશ્વરજી મહારાજ સાહેબ શાસન સમ્રાટ નેમિસુરીશ્વરજી મહારાજ સાહેબ જેવા મહાન ધર્મધુરંધર તથા મોટા મોટા સાધ્વીજી મહારાજ સાહેબોએ પધારી આ સંઘને ધર્મલાભ આપેલ.

# ધર્મોત્સવની ધામધૂમ-આરાધનાનો અનેરો ઉત્સવ

તીર્થ સ્થાન સમી આ પવિત્ર ભૂમિમાં પછી તો ધર્મના તહેવારો અને આરાધના સતત આનંદ - ઉમંગ સાથે અવિરત ચાલ્યા કરે છે. પર્યુષણના આઠે દિવસોમાં ત્રણે ગામના ભાગ્યશાળી આરાધકો સાથે જ આરાધના કરતાં અને પૂણ્યનું ભાથું ઉપાર્જિત કરતાં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# ધર્મ સાધનાના ઉપકરણોનો વૈભવી વારસો

આપણા પૂર્વજો અને વડીલો ખૂબજ દીર્ઘદર્શી અને વ્યવહાર કુશળ આયોજક હતાં. તેમણે ધીમેધીમે અને વ્યવસ્થિત પણે ધર્મકાર્ય માટે આવશ્યક એવા સાધનો ખૂબ મોટી સંખ્યામાં વસાવ્યા. "આ ઉપકરણોજ આપણા વૈભવી વારસો છે."

તે કાળમાં પણ મોટા સંઘની અપેક્ષાએ નાના ગણાતા આપણા સંઘે દરેક અનુષ્ઠાન કરવા માટે જોઈતી તમામ સામગ્રી વસાવેલી. જેવીકે, છડી, ચામરો, ત્રીગડો, સિંઘાસનો, સુપના, પાલખી, પારણું, મેરૂ, ભંડાર તથા સિધ્ધગિરીનો પટ્ટ, નાના મોટા વાસણો તથા વિધ વિધ વસ્તુઓ વસાવેલ. ઉપરાંત ચારિત્રના ઉપકરણોમાં પાટ, પાટલા. કટાસણા, સંથારિયા, છોડ, પુસ્તક ભંડાર જેવી તમામ ચીજો આપણા વડીલો વસાવતાં ગયા.

આપણા મહાન પૂર્વજોને કોટિ - કોટિ વંદન હજો જેમણે ધર્મ સાધનાના આવા અમૂલ્ય ઉપકરણોનો કિંમતી ખજાના રૂપ વારસો આપણા માટે વસાવ્યો આપણા માટે હંમેશાને માટે તેઓ મૂકતા ગયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# ઐતિહાસિક અનોખા સંઘનું આતિથ્ય

સંવત ૧૯૭૧ની સાલમાં દેવાધિદેવની અસીમ કૃપાથી શ્રી સંઘની નિશ્રામાં રંગપરથી શ્રાધ્ધવર્ય શ્રી જુઠાભાઇ પ્રેમચંદ દોશી તથા શ્રેષ્ઠિવર્ય શ્રી ત્રિભોવનભાઈ તારાચંદ ભાઈ દોશીએ શ્રી સિધ્ધગિરિનો છરી પાડતા સંઘનું અપૂર્વ આયોજન કરેલ – હજુ સુધી મોરબીના ઈતિહાસમાં આજસુધીમાં આવો બીજો એક પણ સંઘ નીકળેલ નથી આ બાબત આપણા સંઘ માટે ગૌરવ લેવા જેવી કહેવાય.

સંવત ૧૯૮૩માં પાટણથી શેઠશ્રી નગીનદાસ-કરમચંદનો કચ્છ – ગિરનાર યાત્રાનો છરી પાડતો મહાન વિરાટ સંઘ નીકળેલ.

આ સંઘમાં ચાર હજાર માણસો હતાં. સાડાત્રણસો સાધુ – સાધ્વી ભગવંતો હતાં. આવો ભવ્ય સંઘ કચ્છથી ગિરનાર જઈ રહ્યો હતો ત્યારે સં. ૧૯૮૩ના ચૈત્ર સુદ–૭ ના બેલામાં એનો મૂકામ થયો હતો.

આપણા સંઘને ત્યારે એનું આતિથ્ય કરવાનો અને જમાડવાનો લાભ મળેલ. આપણા વડીલોએ અગાઉ જઇ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી સંઘને બેલામાં આપણા તરફથી સ્વામિવાત્સલ્યનું ભાવભીનું નિમંત્રણ આપેલ તથા આપણા સંઘને આવો લાભ આપવા વિનંતિ કરેલ.

આપણા વડીલોએ કરેલ વિનંતિને માન આપી તેનો શ્રી સંઘે સ્વીકાર કરી આપણને લાભ આપેલ આ ઉપરાંત આપણા સંઘે આ મહેમાનો માટે ગરમ પાણીની તથા સાધુ – સાધ્વીજીઓ માટે નૌકારશી વગેરેની સુંદર વ્યવસ્થા કરેલી જેની નોંધ લઈને પાટણના યાત્રાળુ સંઘે એના યાત્રા બુકમાં બેલાના આતિથ્ય સત્કારનો સવિશેષ ઉલ્લેખ કર્યો છે.

# જિર્ણોધ્ધાર નો જવલંત પ્રસંગ

આમ કરતાં સમય પસાર થતો ગયો અને એગાદ સૈકો ( સો વર્ષ ) થવા આવ્યા ત્યારે દેરાસરજી બહુ જિર્ણ થયેલ અને ઉપાશ્રય વગેરે તો બિલકુલ પડી જવામાં હતાં ત્યારે સંવત ૨૦૨૮ ની સાલમાં, ત્રણે ગામના સંઘની સામાન્ય સભા ( જનરલ મિટિંગ ) શ્રી દોશી ન્યાલચંદભાઈ નીમચંદભાઇના પ્રમુખ પદે મોરબીમાં શ્રી રૂપચંદભાઈ દુર્લભજીભાઇ પારેખને ત્યાં બોલાવી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ સભામાં નક્કી કરવામાં આવ્યું કે ઉપાશ્રય નવો બનાવવો તેમજ દેરાસરજીનો જિર્ણોધ્ધાર કરાવવો. આમ નક્કી થયા પછી તુરત જ કામકાજ શરૂ કરવામાં આવ્યું અને બહુ જ ઝડપથી ટૂંકાગાળામાં ઉપાશ્રય તથા સગવડ ભર્યા અતિથીગૃહનું કામ પરિપૂર્ણ થયું.

પૂણ્યયોગે એ વખતે કચ્છમાંથી વિહાર કરતાં પૂજ્ય શાસન પ્રભાવક ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબ એલામાં પધાર્યા હતાં. તેમની પવિત્ર નિશ્રામાં ઉપાશ્રયનું મંગલ ઉદ્ઘાટન પૂ. ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું. ત્યારે પણ સંઘના તથા બહારગામથી પધારેલા સાધર્મિકની હાજરીથી પ્રસંગ દીપી ઉઠયો હતો.

એ પ્રસંગે આપણે પૂજ્ય મહારાજ સાહેબને વિનંતિ કરી કે અમારે દેરાસરજીનો જિર્ણોધ્ધાર કરાવવો છે. તો તે અંગે આપ સલાહ અને માર્ગ દર્શન આપો.

અને તેથી તેમની જ નિશ્રામાં પૂજ્યશ્રીની સલાહ-સુચન મુજબ તેમના પરિચયથી ( મહેસાણાના ) શ્રી ચંદ્રકાંતભાઈ પંડીત નામના શીલ્પીને બોલાવીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો. કામ શરૂ કર્યું ત્યારે તો ફક્ત દેરાસરજી તથા નાનો દરવાજો બનાવવાનું આયોજન કરેલ. પણ જેમ જેમ કામ આગળ વધતું ગયું તેમ તેમ દૈવી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રેરણાથી વિચારો આવતા ગયા અને કામ વધતું ગયું પછી ફરતી ભમતી, ઉપર આગાશીમાં ઘુંમટ, ભવ્ય દરવાજો, યાત્રાળુઓને બેસવા માટે દરવાજાની અંદર બન્ને બાજુએ ઓટા વગેરે બનાવતા ગયા. જેમ જેમ આજુ – બાજુની જમીન મળતી ગઇ તેમ તેમ કામ આગળ વધતું ગયું વિસ્તરતું રહ્યું.

હવે જિનમંદિરના જીર્ણોધ્ધારનું કાર્ય લગભગ પુરું થવા આવ્યું હતું ત્યારે નૂતન ધ્વજદંડ ચઢાવવાનું તથા ૧૦૨ મી વર્ષગાંઠ ઉજવવાનું શુભ મુહુર્ત વાંકાનેર બિરાજતા મહાન તપસ્વી આચાર્ય ભગવંત “શ્રી હિંમાસુ સુરીશ્વરજી” મહારાજ સાહેબ પાસે કઢાવતાં પૂજ્યશ્રીએ એ મંગળ મુહુર્ત પોષ વદ ૭નું કાઢી આપ્યું.

દૈવયોગે નૂતન ધ્વજદંડ ચઢાવવાનું તથા વર્ષગાંઠ નો દિવસ ઉજવવાની એકજ શુભ તિથિ પોષ વદ–૭ના નિર્ધારીત થઈ કે જે આજ દિન સુધી બન્ને પ્રસંગો એકજ દિવસે પોષ વદ ૭ના ઉજવતાં રહયા છીએ.

આ મહાન મંગલ પ્રસંગ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હિંમાસુસુરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં ઉજવવાની તેમને વિનંતિ કરવામાં આવી પૂજ્યશ્રી પાસે સમય ન હોવા છતાં પણ વાંકાનેરથી સવારમાં ઉગ્ર વિહાર કરી એકજ દિવસમાં બેલા પહોંચ્યા હતાં સાથે બાલબ્રહ્મચારી આચાર્ય ભગવંત નરરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ પણ પધારેલા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આપણા સૌના ભાગ્યયોગે બરાબર તેજ દિવસે કચ્છમાંથી વિહાર કરી અધ્યાત્મરસ નિપૂણ પૂજ્યપાદ મુની શ્રી "અમરેન્દ્રવિજયજી" મહારાજ સાહેબ તથા પૂજ્ય શ્રી ત્રિપુટી બંધુ મહારાજ સાહેબ પણ પધાર્યા હતાં. વળી મોરબીથી વિહાર કરી શાસન સમ્રાટ્ પૂજ્ય નેમિસુરીશ્વજી મહારાજ સાહેબના સમૂદાયના પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી તથા પૂજ્ય શશીપ્રભાશ્રીજી સાધ્વીજી મહારાજ આદિ પધાર્યા હતાં.

આ ચતુર્વિંધિ સંઘની હાજરીમાં ઘણા આનંદ ઉલ્લાસથી સં. ૨૦૩૦ના પોષ વદ-૭ તારીખ ૧૪-૧-૭૪ ના પવિત્ર દિવસે ૧૦૨મી વર્ષગાંઠ તથા નૂતન ધ્વજદંડ ચઢાવવાનો મહાન પ્રસંગ ધામધૂમથી ઉજવાયો.

એ મહાન દિવસ આપણા સંઘને સદાને માટે ચિરંજીવ તવારીખ બની રહેશે.

તે પ્રસંગે ઘી વગેરેની બોલી તથા "જીવદયા" વગેરેની ટીપ સારા પ્રમાણમાં થયેલ.

આ પ્રસંગે મોરબી, વાંકાનેર, મુંબઈ તથા બહારગામથી સારી સંખ્યામાં ભાગ્યશાળીઓ પધારેલ હતાં. ત્રણ દિવસનો શાંતિ સ્નાત્રનો મહોત્સવ રાખેલ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્યારથી આજ દિવસ સુધી દર વર્ષે પોષ વદ ૭ના વર્ષગાંઠ તથા "નૂતન ધ્વજ" ચડાવવાનો આ મહાન દિવસ ઉજવાય છે.

★

## વર્ષ ગાંઠના દિવસનો પ્રોગ્રામ

તે મહાન દિવસે નીચે પ્રમાણે કાર્યક્રમ રાખવામાં આવે છે.

પ્રભાતમાં શરણાઇ – નોબતના વાદનથી શરૂઆત થાય છે.

સ્નાત્ર પૂજા ભણાવવામાં આવે છે.

શુભ મુહૂર્તે નૂતન ધ્વજા ચડાવવામાં આવે છે.

સ્વામિ વાત્સલ્ય થાય છે.

ગામના બાળકોને પ્રભાવના અપાય છે.

શ્રી સિધ્ધગીરીનો પટ દર્શનાર્થે ખૂલ્લો મૂકવામાં આવે છે.

ઘીની બોલીની ઉપજ ઘણી સારી થાય છે.

મોરબી અને બહારગામથી લગભગ ૧૫૦-૧૭૫ સાધર્મિકોની હાજરી હોય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આમ દાદાની અસિમકૃપાથી ધારવામાં ન આવે તેવું સરસ ગોઠવાઇ જાય છે.

આ ભવ્ય પ્રતિમાજીની ભવ્યતા તેમજ અલૌકિકતા અંગે આજે પણ ખૂબજ ચમત્કાર જોવા મળે છે.

નૂતનધ્વજદંડ ચઢાવવાનો દિન તથા ૧૦૨મી વર્ષગાંઠના દિવસે સાતસો – આઠસો માણસોને જમવાનું આયોજન કરેલ. પરંતુ તેના બદલે ૧૩૦૦–૧૪૦૦ ભાગ્યશાળીઓએ જમવાનો લાભ લીધેલ છતાં ઘણી લબ્ધી ( બરકત ) રહી હતી.

અધિષ્ઠાયક દેવો આજે પણ ચાલુ કાળમાં વિચરતા હોય તેવું લાગે છે.

તેના દાખલારૂપે દેરાસરજીની સામે રામજી મંદિરમાં ગામના ખેડૂતભાઇઓ રાતના સૂતા – બેઠા હોય ત્યારે એમ કહેતા હોય છે કે આજે તો રાતના દેરાસરમાં વાજા વાગતા તથા ઘંટ સંભળાતા હોય તેમ લાગતું હતું.

તેમજ કયારેક કહેતા હોય છે કે આજે દેરાસરમાંથી ખૂબ જ સારી સુગંધ આવતી હતી.

સં. ૨૦૨૯માં જિર્ણોધ્ધાર કરવાનું નકકી કર્યું ત્યારે કલ્પનામાં પણ ન હતું કે આવું ભવ્ય દેવ વિમાન જેવું તીર્થધામ સરીખું શાંતિનું ધામ બનશે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માળિયા સુરજબારીનો પૂલ અવર જવર માટે ખુલ્લો થયો ત્યારથી કચ્છ ભદ્રેશ્વરની યાત્રા આ માર્ગે સુગમ થતાં ખૂબજ વધી છે.

તેમજ કચ્છ-ભદ્રેશ્વરની યાત્રાએ પધારતાં પૂ. સાધુ તથા સાધ્વીજી મહારાજ સાહેબ પણ આ માર્ગે વિચારે છે.

આ વિહાર માર્ગે વિચરતાં સાધુ-સાધ્વી ભગવંતોને બેલા વચ્ચે આવતું હોઈ લગભગ બેલા મુકામ કરી એકાદ દિવસની સ્થિરતા કરી પછી આગળ વિહાર વધારતાં હોઇ આપણને તે પૂજ્યોનો ખૂબ જ લાભ મળે છે.

આમ સાધુ – સાધ્વીજી ભગવંતો જે-જે પધારે છે તે પદ્મપ્રભુદાદાના દર્શન-વંદન-ભક્તિ કરી ખૂબજ આનંદ અનુભવે છે.

મોક્ષમાર્ગના સાધન રૂપ તીર્થના ભવ્ય દરવાજામાં દાખલ થાય કે તુરતજ તીર્થનો ભાસ થાય છે. અને જ્યારે દાદાની ભકિત કરવા બેસે છે. ત્યારેતો ખૂબ જ શાંતી અનુભવે છે.

કોઈ કોઇ ભવ્ય આત્માઓતો ભકિત કરતાં કલાકોના કલાકો બેસે છે. એકતો પરમ શાંતિ અને તેમાંય વળી સામે પરમાત્માના અલૌકિક પ્રતિક સમુ આલંબન હોય પછી પૂછવાનું જ શું ?

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સ્થાનકવાસી સાધુ - સાધ્વીજી ભગવંતોનો પણ આપણને ખૂબ જ લાભ મળે છે. તેઓ પણ એકાદ દિવસની સ્થિરતા કરી ખૂબ જ સંતોષ પામે છે.

## મહાન પૂણ્યાત્માઓ

આપણા સંઘમાંથી જે - જે મહાન આત્માઓ સંસારનો ત્યાગકરી સંયમના મહાન પંથે પડેલા છે તેવા ભાગ્યશાળીઓના શુભ નામ.

| સંસારી નામ | સંયમ અવસ્થાનું નામ |
|---|---|
| ૧. કેશવલાલ ધારશીભાઇ ગુલાબચંદ દોશી. ( રંગપર ) | ૧. પૂ. મુનિશ્રી કિર્તિબલ વિજયજી મહારાજ સાહેબ |
| ૨. પ્રવિણચંદ્ર મણીલાલ શીવલાલ સંઘવી. ( બેલા ) | ૨. પૂ. મુનિશ્રી પ્રસન્નચંદ્ર વિજયજી મહારાજ સાહેબ |
| ૩. કુ. તારાબેન મણીલાલ શીવલાલ સઘવી. (બેલા ) | ૩. પૂ. સાધ્વીશ્રીજી પ્રસાંતશ્રીજી મહારાજ સાહેબ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૪ કુ. મંજુલાબેન રેવાશંકર તારાચંદ દોશી. (રંગપર) ૪. પૂ. સાધ્વીશ્રીજી માલિની યશાશ્રીજી મહારાજ સાહેબ

૫. કુ. મયાબેન રતિલાલ ખોડીદાસ પારેખ. (બેલા) ૫. પૂ. સાધ્વીશ્રીજી મુદિતાશ્રીજી મહારાજ સાહેબ

૬. કુ. હિનાબેન ગુંજલાલ દુર્લભજી પારેખ (બેલા) ૬. પૂ. સાધ્વીશ્રીજી હર્ષરત્ના શ્રીજીમહારાજ સાહેબ

આપણા ઘણા ભાગ્યશાળીઓ તરફથી અવાર-નવાર આપણી માતૃસંસ્થાનો ઈતિહાસ જાણવાની ઈતેજારી દર્શાવવામાં આવતા, તો પૂર્વેનું જેટલું પૂજ્ય વડીલો પાસેથી જાણવામાં આવેલુ તથા સાંભળવામાં આવેલું, તે જણાવતાં આનંદ થાય છે.

સાથે તીર્થનો જિર્ણોદ્ધાર થયો ત્યાં સુધીની આછી રૂપરેખા જણાવવામાં આવેલ છે.

આપને પણ જાણીને આનંદ થશે અને આ નાની સરખી પુસ્તિકા ઉપયોગી તેમ જ પ્રેરણારૂપ થશે.

સાથે સાથે ઘેર બેઠા તારક પરમાત્માના દર્શન વંદનનો પણ લાભ મળશે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ઉપસંહાર :-

તીર્થના જિર્ણોધ્ધાર જેટલું જ તીર્થનો ઈતિહાસ પ્રગટ કરવાનું કાર્ય મહત્વનું છે.

અંતમાં જગતના સૌ-જીવો જૈન - શાસન પામી સાચા સુખના ભોગી બનો એવી મંગલ કામના સાથે વીરમીએ છીએ.

" અસ્તુ "

લિ.

વર્ષગાંઠ : ૧૧૭મી
પત્રવ્યવહારનું સરનામું
રૂપચંદ દુર્લભજી પારેખ
પરાબજાર મુ. મોરબી,
(પીન. ૩૬૩૬૪૧.
ફોન નં. ૨૬૩૩
સં. ૨૦૪૫ પોષ વદ-૭
તા. ૨૯-૧-૮૯

શ્રી બેલા-રંગપર-આંદરણા
તપગચ્છ જૈન સંઘના
જયજીનેન્દ્ર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# શ્રી બેલા તીર્થની
# તથા
# શ્રી સંઘના વહીવટની
# આછી રૂપરેખા

## ભાગ-દ્વિતીય

卐

વર્ષગાંઠ-૧૧૭
સંવત ૨૦૪૫
પોષ વદ-૭
તા. ૨૯-૧-૧૯૮૯

શ્રી બેલા-રંગપર-આંદરણા
તપગચ્છ સંઘ

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

# શ્રી બેલા તીર્થની
# તથા સંઘના વહીવટની આછી રૂપરેખા

**ધર્માનુરાગીસાધર્મિક બંધુઓ,**

આપને જણાવતાં આનંદ થાય છે કે શ્રી સંઘના વહીવટની વ્યવસ્થા નીચે મુજબ છે.

શ્રી દેરાસરજીના તથા સાધારણના નિભાવ ખર્ચની પણ બરાબર વ્યવસ્થા થઈ ગઈ છે.

આવકના સાધનમાં ઘીની બોલીની ઉપજ સાધારણની કાયમી તીથીની આવક, ભંડાર આવક. શ્રી દેવદ્રવ્ય તથા સાધારણના કાયમી ફંડના વ્યાજની આવક, તથા સાધારણ ખાતે ભેટ વિ. નો આવક

આમ બધા ખાતા સધ્ધર હોવાથી કોઇ ખાતામાં તૂટો નથી તેનો પુરતો સંતોષ છે.

સં. ૨૦૩૦ની સાલમાં જિર્ણોધ્ધાર કર્યો ત્યારે ત્રણે ગામના શ્રી સંઘના ભાગ્યશાળીઓની હાજરીમાં નીચે મુજબ નિર્ણય કર્યો.

૧. રૂા. ૫૧–૦૦ની સાધારણની કાયમી તિથી લખવાનું નક્કી કર્યું.

ત્યારથી આજ દિન સુધીમાં સાધારણની કાયમી તીથી ૫૧૦ લખાણી છે. તેમજ ત્રણે ગામ ઉપરાંત આપણા સગા–સ્નેહીઓ પોત–પોતાને ત્યાં આવતાં દરેક નાના–

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મોટા સારા માઠા પ્રસંગે એટલેકે વડીલોની યાદી નિમિત્તેહોય, લગ્નનો પ્રસંગ હોય જન્મ દિવસોની યાદ નિમિત્તે અથવા પોતે કરેલા કેકરાવેલા ધાર્મિક અનુષ્ઠાનની યાદમાં પણ લખાવે છે

તો આપ પણ આપને ત્યાં આવતાં પ્રસંગે તીથી લખાવી સંઘના ચોપડે કાયમાં યાદી લખાવવા પ્રેરણા કરીએ છીએ.

આગળના વખતથી જ. એટલેકે વડીલોની હાજરીથી જ ચુલા વેરાનો રૂા. ૧/૨૫ સવા રૂપયો દર વર્ષે લેવાતો જ હતો.

ત્યાર બાદ અમુક વખત લેવાયેલ નહીં.

તે હવેથી દરેક કુટુમ્બ દીઠ, ચુલાદીઠ રૂા. ૧/૨૫ રૂપિયો સવા દર વર્ષે સાધારણના નકરા નિમિત્તે લેવાનું નક્કી કરેલ છે.

પછી દેશમાં વસતા હોય કે બહારગામ વસતા હોય પણ દરેક સભ્યે ( ચૂલાદીઠ ) રૂા. ૧/૨૫ રૂપિયો સવા ભરવો.

તેનું પરિણામ એ આવશે કે આપણને તથા આમણા બાળકોને એટલેકે ભાવિ પેઢીને તારક તીર્થના દર્શન - વંદન કરવા માટે આવવા પ્રેરણા થશે.

વિહારમાં પધારતા સાધુ - સાધ્વીજી ભગવંતો ગમે તેટલા થાણા હોય તેમના ગોચરી-પાણીની પણ બરાબર વ્યવસ્થા છે.

સાથે ગમે તેટલા માણસો હોય, ડોલીવાળા વિગેરે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તમામ માટે જમવા વિ. પૂરી વ્યવસ્થા છે.

સાથે સ્થાનકવાસી સાધુ - સાધ્વીજી ભગવંતો પણ સારા પ્રમાણમાં પધારી એક દિવસની સ્થિરતા કરી ખૂબ જ સંતોષ અનુભવે છે.

આ સાથે ત્રણે ગામના શ્રી સંઘના સભ્યોના નામની યાદી પણ સામેલ કરેલ છે.

તેમજ ત્રણે ગામના બહેનો તથા દીકરીઓ જ્યાં જ્યાં વસતા હોય તેમને તેમના પિતૃપક્ષના તીર્થનો ઈતિહાસ તથા હાલની કાર્યવાહીની માહિતી જાણવાની ઈચ્છા થાય તે સ્વભાવિક છે.

તેથી તેમને પણ આ પુસ્તિકા મોકલવા નિર્ણય કરેલ છે.

લિ.

સં. ૨૦૪૫ — શ્રી બેલા-રંગપર-આંદરણા
પોષ વદ-૭ — તપગચ્છ સંઘના
તા. ૨૯-૧-૮૯ — જયજીનેન્દ્ર

વહીવટ તથા પત્ર
વ્યવહારનું સરનામું
રૂપચંદ દુર્લભજી પારેખ
પરા બજાર-મોરબી
પીન : ૩૬૩૬૪૧
ફોન નંબર : ૨૬૩૩.

Ac. Gunratnasuri MS — Jin Gun Aradhak Trust

## શ્રી બેલા-રંગપર-આંદરણા વાર્ષિક રૂા ૧/૨૫ સવા રૂપિયો સાધારણનો નકરો ભરતાં સાધાર્મિક બંધુઓની નામાવલી

| શ્રી બેલા | | | હાલનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | પારેખ | ટોકરશી દુર્લભજી | મોરબી |
| ૨ | ,, | ભુપતરાય ટોકરશી | અમદાવાદ |
| ૩ | ,, | વૃજલાલ દુર્લભજી | મોરબી |
| ૪ | ,, | પ્રફુલકુમાર વૃજલાલ | મુંબઈ |
| ૫ | ,, | રૂપચંદ દુર્લભજી | મોરબી |
| ૬ | ,, | અશોકકુમાર રૂપચંદ | મુંબઇ |
| ૭ | ,, | પ્રદીપકુમાર જેઠાલાલ જસરાજ | મોરબી |
| ૮ | ,, | કિશોરકુમાર જેઠાલાલ | મોરબી |
| ૯ | ,, | જેવંતલાલ છોટાલાલ | જામનગર |
| ૧૦ | ,, | તારાચંદ છોટાલાલ | રાજકોટ |
| ૧૧ | ,, | નગીનદાસ સુરચંદ | – |
| ૧૨ | ,, | નરોતમ સુરચંદ | મોરબી |
| ૧૩ | ,, | મનસુખલાલ વીરપાળ | કલકતા |
| ૧૪ | ,, | શાંતીલાલ ભુરાલાલ | ,, |
| ૧૫ | ,, | વસંતલાલ ભુરાલાલ | ,, |
| ૧૫ | ,, | નવીનચંદ્ર ભુરાલાલ | ,, |
| ૧૭ | ,, | કિશોરકુમાર પરસોતમ મુલજી | રાજકોટ |
| ૧૮ | ,, | નલીનકુમાર પરસોતમ | ,, |
| ૧૯ | ,, | મહેન્દ્રકુમાર પરસોતમ | ,, |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૦ પારેખ કેવળચંદ રાયચંદ રાજકોટ
૨૧ ,, હિંમતલાલ રાયચંદ ,,
૨૨ ,, ખુશાલચંદ કાશીદાસ હા-વનીતાબેન મુંબઇ
૨૩ ,, પ્રભુદાસ કાશીદાસ ,,
૨૪ ,, જમનાદાસ પાનાચંદ ,,
૨૫ ,, કાંતિલાલ પાનાચંદ ,,
૨૬ ,, ઉમેદચંદ પાનાચંદ ,,
૨૭ ,, રમણિકલાલ પાનાચંદ ,,
૨૮ ,, વિનયકાંત પાનાચંદ ,,
૨૯ ,, નરેન્દ્ર મોહનલાલ ,,
૩૦ ,, કીરીટકુમાર મોહનલાલ રાજકોટ
૩૧ ,, રાજેશકુમાર મોહનલાલ મુંબઈ
૩૨ ,, મહાસુખ કેશવલાલ ગોપાલજી મોરબી
૩૩ ,, સ્વરૂપચંદ કેશવલાલ મુંબઇ
૩૪ ,, ઈન્દુકુમાર કેશવલાલ ,,
૩૫ ,, ચંદ્રકાંત કેશવલાલ ,,
૩૬ ,, કિશોરકુમાર ખેતસી મોરબી
૩૭ ,, જયંતકુમાર ખેતસી ,,
૩૮ ,, જયંતિલાલ રતિલાલ ,,
૩૯ ,, પ્રભુદાસ ગોપાલજી ,,
૪૦ ,, પાનાચંદ ફુલચંદ ,,
૪૧ ,, કાંતિલાલ છગનલાલ બેલા
૪૨ ,, અમૃતલાલ છગનલાલ ,,
૪૩ ,, મનહરલાલ છગનલાલ ,,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૪૪ | પારેખ સોમચંદ જસરાજ | વાંકાનેર |
| ૪૫ | ,, દીનેશચંદ્ર શાંતીલાલ | ,, |
| ૪૬ | ,, કનકરાય સોમચંદ | મુંબઈ |
| ૪૭ | ,, અનંતરાય સોમચંદ | ,, |
| ૪૮ | ,, નરેન્દ્ર શાંતીલાલ | ,, |
| ૪૯ | ,, જીતેન્દ્ર શાંતીલાલ | ,, |
| ૫૦ | ,, ચંદુલાલ જસરાજ | ,, |
| ૫૧ | ,, શશીકાંત ચંદુલાલ | ,, |
| ૫૨ | ,, રજનીકાંત ચંદુલાલ | ,, |
| ૫૩ | ,, રમેશચંદ્ર ચંદુલાલ | ,, |
| ૫૪ | ,, નરભેરામ જસરાજ | મુંબઇ |
| ૫૫ | ,, પારેખ વિનોદરાય દીપચંદ | કલકતા |
| ૫૬ | ,, મધુકર દીપચંદ | મુંબઈ |
| ૫૭ | ,, દુલેરાય ગીરધરલાલ | મોરબી |
| ૫૮ | ,, કીશોરકુમાર ન્યાલચંદ | ,, |
| ૫૯ | ,, પ્રફુલકુમાર ન્યાલચંદ | ,, |
| ૬૦ | ,, મહેન્દ્રકુમાર ન્યાલચંદ | ,, |
| ૬૧ | ,, મનહરલાલ જગજીવન | મુંબઇ |
| ૬૨ | ,, વિનોદરાય જગજીવન | ,, |
| ૬૩ | ,, પ્રફુલકુમાર જગજીવન | ,, |
| ૬૪ | ,, નવીનચંદ્ર જેઠાલાલ | મોરબી |
| ૬૫ | શાહ જેઠાલાલ શીવલાલ | મુંબઇ |
| ૬૬ | ,, સૂર્યકાંત જેઠાલાલ | ,, |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૬૭ | શાહ ચીમનલાલ જેઠાલાલ | મુંબઈ |
| ૬૮ | ,, વિનોદરાય જેઠાલાલ | ,, |
| ૬૯ | ,, જસ્મીન જેઠાલાલ | ,, |
| ૭૦ | ,, મનહરલાલ કેશવલાલ શીવલાલ | મુંબઈ |
| ૭૧ | ,, મહેન્દ્રકુમાર કેશવલાલ | ,, |
| ૭૨ | ,, કાંતીલાલ કેશવલાલ | ,, |
| ૭૩ | ,, મણીલાલ મોતીચંદ | અમદાવાદ |
| ૭૪ | ,, પંકજકુમાર ચંદુલાલ | ,, |
| ૭૫ | ,, દલીચંદ નાનચંદ | સુરેન્દ્રનગર |
| ૭૬ | ,, જયંતિલાલ અમૃતલાલ | ,, |
| ૭૭ | ,, રજનીકાંત અમૃતલાલ | ,, |
| ૭૮ | ,, લીલાધર દેવચંદ | – |
| ૭૯ | ,, હરીલાલ દેવચંદ | – |
| ૮૦ | સંઘવી વિનોદરાય ભગવાનજી | મોરબી |
| ૮૧ | ,, મુકુન્દરાય ભગવાનજી | ,, |
| ૮૨ | ,, રસિકલાલ ભગવાનજી | ,, |
| ૮૩ | ,, જેઠાલાલ શીવલાલ | મુંબઈ |
| ૮૪ | ,, રમેશચંદ્ર પ્રભુદાસ | ,, |
| ૮૫ | ,, વિનોદરાય મણીલાલ | ,, |
| ૮૬ | ,, ધીરજલાલ મણીલાલ | ,, |
| ૮૭ | ,, પ્રવિણચંદ્ર ત્રિભોવન | ,, |
| ૮૮ | ,, છોટાલાલ ત્રિભોવન | બોલા |
| ૮૯ | ,, ચંપકલાલ મણીલાલ | મોરબી |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | |
|---|---|
| ૯૦ મેતા ધનજી ભાઇચંદ | એલા |
| ૯૧ ,, માણેકચંદ જીવાભાઇ | – |
| ૯૨ પારેખ નાનચંદ નેણુશીભાઇ | – |
| ૯૩ પારેખ મૂળચંદ કિરચંદભાઇ | – |
| **શ્રી રંગપર** | |
| ૧ દોશી જુઠાભાઈ પ્રેમચંદ | – |
| ૨ ,, ત્રિભોવન તારાચંદ | – |
| ૩ ,, શાંતીલાલ દલીચંદ | મોરબી |
| ૪ ,, નગીનદાસ દલીચંદ | ,, |
| ૫ ,, સેવંતીલાલ દલીચંદ | ,, |
| ૬ ,, પુનમચંદ દલીચંદ | |
| ૭ ,, કિશોરકુમાર છબીલદાસ | રાજકોટ |
| ૮ ,, અભેચંદ વનેચંદ | મુંબઇ |
| ૯ ,, મનહરલાલ રેવાશંકર | મોરબી |
| ૧૦ ,, દિનેશચંદ્ર પ્રભુદાસ ગોપાલજી | ,, |
| ૧૧ ,, હસમુખરાય પ્રભુદાસ | અમદાવાદ |
| ૧૨ ,, મનહરલાલ ઉકાભાઇ | વાંકાનેર |
| ૧૩ ,, અનિલકુમાર મનહરલાલ | મુંબઇ |
| ૧૪ ,, વાડીલાલ ધારશીભાઈ | ,, |
| ૧૫ ,, કાંતિલાલ કેશવલાલ | ,, |
| ૧૬ ,, જશવંતલાલ કેશવલાલ | ,, |
| ૧૭ ,, સુમતિચંદ્ર કેશવલાલ | ,, |
| ૧૮ ,, મનહરલાલ કેશવલાલ | સુરત |
| ૧૯ ,, ચંદુલાલ સવજીભાઇ | મુંબઇ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૦ દોશી ચંપકલાલ દુર્લભજી જામનગર
૨૧ ,, જયસુખલાલ દુર્લભજી ,,
૨૨ ,, જયતિલાલ દુર્લભજી ,,
૨૩ ,, કિશોરકુમાર દુર્લભજી ,,
૨૪ ,, સેવંતીલાલ દુર્લભજી વાંકાનેર
૨૫ ,, ઇન્દુલાલ દલીચંદ અમદાવાદ
૨૬ ,, છોટાલાલ દલીચંદ જામનગર
૨૭ ,, વસંતલાલ દલીચંદ અમદાવાદ
૨૮ ,, સુરેશકુમાર અમરચંદ ગુલાબચંદ મોરબી
૨૯ ,, શશીકાત અમરચંદ ,,
૩૦ સંઘવી કસ્તુરચંદ જેતસી મુંબઈ
૩૧ ,, ગીરધરલાલ જેતસી ,,
૩૨ ,, ગોપાલજી રામજી
૩૩ ,, મગનલાલ રામજી ,,
૩૪ ,, ભુદરલાલ કુંવરજી –
૩૫ ,, દીપચંદ કુંવરજી –
૩૬ મહેતા હરગોવિંદ રેવાશંકર મુંબઈ
૩૭ ,, છબીલદાસ વલ્લભદાસ હા. શાંતાબેન ,,
૩૮ ,, સેવંતીલાલ જેઠાલાલ વલભદાસ ,,
૩૯ ,, સુરેશકુમાર જેઠાલાલ ,,
૪૦ ,, ચંદુલાલ વલભદાસ તાતાનગર
૪૧ ,, પ્રાણુલાલ વલભદાસ મોરબી
૪૨ ,, નગીનદાસ જેઠાલાલ મોરબી
૪૩ ,, દલીચંદ સોભાગચંદ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રીઆંદરણા

| | | |
|---|---|---|
| ૧ | દોશી તારાચંદ કાલીદાસ | મુંબઈ |
| ૨ | ,, ઈન્દુલાલ તારાચંદ | ,, |
| ૩ | ,, અવનીકાંત તારાચંદ | ,, |
| ૪ | ,, વાડીલાલ કાલીદાસ | મદ્રાસ |
| ૫ | ,, હર્ષદરાય વાડીલાલ | ,, |
| ૬ | ,, નોતમકુમાર વાડીલાલ | ,, |
| ૭ | ,, મહેશકુમાર વીકમચંદ | મોરબી |
| ૮ | ,, ભૂપેન્દ્ર વિકમચંદ | મુંબઈ |
| ૯ | ,, નરેન્દ્ર વિકમચંદ | ,, |
| ૧૦ | ,, મુકુન્દ વિકમચંદ | થાન |
| ૧૧ | ,, રજનીકાંત વિકમચંદ | મદ્રાસ |
| ૧૨ | ,, મનસુખલાલ ન્યાલચંદ | મોરબી |
| ૧૩ | ,, પુનમચંદ કેવળચંદ | ,, |
| ૧૪ | ,, સુરેશકુમાર પુનમચંદ | વડોદરા |
| ૧૫ | ,, જમનાદાસ કેવળચંદ | મોરબી |
| ૧૬ | ,, ચંપકલાલ કેવળચંદ | ,, |
| ૧૭ | ,, ધીરજલાલ પ્રભુદાસ | ,, |
| ૧૮ | ,, અમૃતલાલ પ્રભુદાસ | આંદરણા |
| ૧૯ | ,, કાંતીલાલ પ્રભુદાસ | જામનગર |
| ૨૦ | ,, ફુલચંદ હંસરાજ | નાગપુર |
| ૨૧ | ,, જેઠાલાલ હંસરાજ | સીકંદ્રાબાદ |
| ૨૨ | ,, નગીનદાસ હંસરાજ | ,, |
| ૨૩ | ,, પાનાચંદ ભગવાનજી | – |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહાલક્ષ્મી પ્રિન્ટિગ પ્રેસ ઘીકાંટા રોડ, અમદાવાદ. ફોન : ૨૫૬૩૯-૪૧૪૩૮૨

Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust